**સુરત મહાનગરપાલિકાની તા.૩૦–૧૨–૨૦૨૪ ના રોજ મળેલ**

**માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–**

* * * * * * *

ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રીશ્રી ડો.મનમોહન સિંહના તા.૨૬–૧૨–૨૦૨૪ ના રોજ થયેલ દુ:ખદ અવસાન બદલ આજની આ સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે.

ડો.મનમોહન સિંહનો જન્મ તા.૨૬ સપ્ટેબર ૧૯૩૨ ના રોજ અખંડ ભારતના પંજાબ પ્રાંતમાં થયો હતો. તેમણે વર્ષ–૧૯૪૮ માં પંજાબ યુનિવર્સિટીમાંથી મેટ્રિક પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી. તેમની શૈક્ષણિક કારકિર્દીએ તેમને પંજાબથી બ્રિટનની કેમ્બ્રીજ યુનિવર્સિટી પહોંચાડ્યા હતા. વર્ષ–૧૯૫૭ માં આ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં પ્રથમ વર્ગમાં ઓનર્સ ડિગ્રી મેળવી હતી. તે પછી ડો.મનમોહન સિંહ એ વર્ષ–૧૯૬૨ માં ઓકસફોર્ડ યુનિવર્સિટી થી અર્થશાસ્ત્ર વિષયમાં ડી.ફિલ ડિગ્રી પ્રાપ્ત કરી હતી. પંજાબ યુનિવર્સિટી તેમજ પ્રતિષ્ઠિત દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં ફેકલ્ટી તરીકે સેવા આપતા તેમની કારકિર્દીને નિખાર મળ્યો હતો.

વર્ષ–૧૯૭૧માં ડો.મનમોહન સિંહ ભારત સરકારમાં વાણિજ્ય મંત્રાલયના આર્થિક સલાહકાર પદે જોડાયા હતા. તે પછી તરત વર્ષ–૧૯૭૨ માં તેમની નિમણુંક નાણાં મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકારપદે થઈ હતી. તેઓ નાણાં મંત્રાલયના સચિવ, આયોજન પંચના ઉપાધ્યક્ષ, ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર, પ્રધાનમંત્રીશ્રીના સલાહકાર, યુજીસીના અધ્યક્ષ સહિતના મહત્વના પદ સંભાળી ચૂકયા છે. અર્થશાસ્ત્રી તરીકે તેમણે ભારત સરકારમાં વિવિધ સ્તરે સેવા આપી હતી.

સ્વતંત્ર ભારતના આર્થિક ઈતિહાસને વળાંક આપવાની ઘડીએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રીશ્રી પી.વી. નરસિમ્હા રાવની સરકારમાં વર્ષ–૧૯૯૧ થી વર્ષ–૧૯૯૬ વચ્ચેના પાંચ વર્ષ દરમિયાન ભારતના નાણામંત્રી પદે રહીને તેમણે આર્થિક સંકટથી ઘેરાયેલા દેશમાં નવી અર્થવ્યવસ્થાનો માર્ગ મોકળો કર્યો હતો. તેમણે વૈશ્વિકરણ અને ઉદારીકરણને પ્રોત્સાહન આપ્યું હતું, તેમની આર્થિક સુધારાઓની સર્વાંગીનીતિને અમલી બનાવવામાં રહેલી તેમની ભૂમિકાને વિશ્વભરમાં માન્યતા મળેલી છે.

ડો.મનમોહન સિંહ વર્ષ–૧૯૯૧ થી રાજ્યસભાનું સભ્યપદ ધરાવતા હતા. તેઓએ રાજ્યસભામાં પાંચ વાર અસમ અને વર્ષ–૨૦૧૯ માં રાજસ્થાનનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. વર્ષ–૧૯૯૮ અને વર્ષ–૨૦૦૪ માં તેઓએ રાજ્યસભામાં વિરોધપક્ષના નેતાનું પદ પણ સભાળ્યું હતું. તેમણે મે–૨૦૦૪ થી મે–૨૦૧૪ સુધી બે ટર્મ માટે ભારતના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી. તેઓ ભારતના પ્રથમ શીખ વડાપ્રધાન હતા. પ્રધાનમંત્રી તરીકે દેશના વિકાસ અને પ્રગતિમાં તેમનું યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે. રાજ્યસભામાં તેમનો કાર્યકાળ સમાપ્ત થતા એપ્રિલ–૨૦૨૪ માં તેઓ ૩૩ વર્ષીય લાંબા સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થયા હતા.

૨...

INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

ડો.મનમોહન સિંહને તેમની જાહેર કારકિર્દી દરમિયાન અનેક એવોર્ડ અને સન્માન મળ્યા હતા. વર્ષ–૧૯૮૭ માં તેમને ભારતના દ્વિતીય ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણથી સન્માનવામાં આવ્યા હતા. યુનિવર્સિટી ઓફ કેમ્બ્રીજ અને ઓકસફોર્ડ સહિતની અનેક યુનિવર્સિટી દ્વારા તેમને ઓનરરી ડિગ્રીઓ એનાયત કરવામાં આવેલ હતી.

ડો.મનમોહન સિંહનુ જીવન તેમની પ્રમાણિકતા અને સાદગીનું પ્રતિબિંબ હતું, તેઓ એક ઉત્કૃષ્ટ સંસદસભ્ય હતા. તેમની વિનમ્રતા, સૌમ્યતા અને તેમની બૌદ્ધિકતા તેમના સંસદીય જીવનની ઓળખ બની ગઈ હતી. તેઓને હંમેશા એક ઉમદા માનવી તરીકે, એક વિદ્વાન અર્થશાસ્ત્રી તરીકે અને સુધારાઓને સમર્પિત નેતા તરીકે યાદ કરવામાં આવશે. ડો.મનમોહન સિંહનો સુરત સાથે જુનો સંબંધ રહ્યો છે. તેમની રાજકીય કારકિર્દીમાં વિવિધ કાર્યક્રમો માટે સુરત શહેરની મુલાકાતે આવ્યા હતા.

સદ્ગતના આત્માને પ્રભુ ચિરઃ શાંતિ અર્પે તેમજ તેમના કુટુંબીજનો પર આવી પડેલી આ અણધારી આફત સહન કરવાની પ્રભુ શક્તિ અર્પે એવી પ્રાર્થના સહ ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પી, સદ્ગતના માનમાં બે મિનિટ મૌન પાળી આ સભા કોઈ પણ જાતનું કામકાજ કર્યા વગર અચોક્કસ મુદત માટે મુલતવી રાખવાનું તેમજ આ ઠરાવની નકલ યોગ્ય સ્થળે પાઠવવાની સત્તા અધ્યક્ષશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૬૪૪/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.**

=====================================

પ્રો.રા.જનરલ બોર્ડ,

ઈ.ચા. મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા. –૧૨–૨૦૨૪.

નકલ સાદર રવાના મા.મેયરશ્રી પ્રતિ,
નકલ સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,
*MRP*

INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”